| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૨/૦૧/૨૦૨૦  ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**   **સમાચાર યાદી નં.૦૯/૨૦૨૦**

## પાસા ના આરોપીની અટકાયતની વિગત

### ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ તા.૧.૧.૨૦૨૦ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કત સબંધી/શરીર સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ  છે.

- અમદાવાદ શહેરના ઓઢવ તથા સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની દુકાનનુ શટર તોડી દુકાનમા પ્રવેશ કરી દુકાનમાથી એલ્યુમીનીયમ નો સામાન ચોરી કરી લઈ જઈ તેમજ ખભામા રોકડા નાણા સાથેની ભરાવેલ બેગની લુટ કરનાર ગુનાહિત માનસ ધરાવાનાર ઈસમ ભરત ઉર્ફે સન્ની ગોપાલભાઈ શર્મા રહેવાસી- મ.ન.૧૧૨ આકાશદીપ સામેના ઝુપડા,જવાહરનગરના છાપરા જુની રેલ્વે લાઈન અખબારનગર વાડજ અમદાવાદ મુળ વતન: ગામ- રાયપુર તા-રાયપુર જિ.-ભીલવાડા રાજસ્થાન વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ભરત ઉર્ફે સન્ની ગોપાલભાઈ શર્મા રહેવાસી- મ.ન.૧૧૨ આકાશદીપ સામેના ઝુપડા,જવાહરનગરના છાપરા જુની રેલ્વે લાઈન અખબારનગર વાડજ અમદાવાદ મુળ વતન: ગામ- રાયપુર તા-રાયપુર જિ.-ભીલવાડા રાજસ્થાન |

- વાડજ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની મારામારી અને ઝઘડો કરનાર પોતાના સાગરિતોની સાથે મળી લોકોની સાથે બોલાચાલી અને ઝઘડો કરી બિભત્સગાળો બોલી ગડદાપાટુનો માર મારી લોખંડ ની પાઈપ મારી ઈજા કરનાર ઝનુની અને ગુનાહિત ગુનાહિત માનસ ધરાવાનાર ઈસમ અશ્વીનભાઈ ચન્દ્રેશભાઈ ઉર્ફે મંગાભાઈ સોલંકી રહેવાસી- ગોરજી માસ્તરની ચાલી, ગાંધીનગર નો ટેકરો, જુના વાડજ અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અશ્વીનભાઈ ચન્દ્રેશભાઈ ઉર્ફે મંગાભાઈ સોલંકી રહેવાસી- ગોરજી માસ્તરની ચાલી, ગાંધીનગર નો ટેકરો, જુના વાડજ અમદાવાદ શહેર |

- આ ઉપરાંત અન્ય પ્રોહીબીશન/શરીરસબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ ૨ ઇસમો મળી કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને વડોદરા, ભુજ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# ઓટોરીક્ષારીક્ષાની ચોરી કરનાર આરોપીને અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાન્ચ :**

## ઓટોરીક્ષાની ચોરી કરનાર એક ઇસમને ચોરીના મુદ્દામાલની રિક્ષા સાથે પકડી પાડી ઘી કાંટા મેટ્રો કોર્ટ પાસેથી થયેલ રિક્ષા ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ.

અમદાવાદ શહેર વિસ્તારમાં ઘણા સમયથી વાહન ચોરીઓના ગુનાઓનો ઉપદ્રવ વધવા પામેલ હોય આવા ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટીયા અને ક્રાઇમબ્રાંચના ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજય કુમાર તોમર નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે ક્રાઇમ બ્રાંચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ. શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન સ્કોડના પો.કો. કૃષ્ણકાંત તેરસિંહ તથા પો.કો. દર્શનસિંહ પ્રવિણસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી કિશન ઉર્ફે ચોર સ/ઓ હીરાલાલ મનોહરરાજ કશ્યપ ઉ.વ.૨૪ રહે. મ.નં.૧૧૨, દેવીપુજક સોસાયટી, ચમનપુરા સર્કલ પાસે, અસારવા, અમદાવાદ શહેર મુળ ગામ મેનપુરી, યુ.પી. નાને અસારવા ચામુંડા સ્મશાન ગ્રુહ સામેથી તા.૦૨/૦૧/૨૦૨૦ ના રોજ એક C.N.G. ઓટૉરીક્ષા નં. GJ-27-T-3358 કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ની મત્તાની સાથે પકડી પાડેલ છે.

## એક ગુનાનો ભેદ ઉકેલાયો.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા આજથી દશેક દિવસ અગાઉ સવારના સમયે ઘી કાંટા મેટ્રો કોર્ટ પાસે આવેલ પાણીની પરબ પાસેથી આ રિક્ષાની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ હોય જે બાબતે કારંજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૮૬/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

## શોધાયેલ ગુન્હો

(૧) કારંજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૮૬/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯

# <u>જુગારનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી આરોપીને અટકાયતની વિગત</u>

## <u>રામોલ પોલીસ સ્ટેશન :</u>

### <u>જુગારનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી રામોલ પોલીસ</u>
### <u>રોકડા રૂપીયા ૧૭૦૫૦/- તથા મોબાઈલ ફોન તથા કોઈન તથા ગંજીપાના મળી</u>
### <u>કુલ્લે કીમત રૂપીયા ૧૭૮૫૦/- ના મુદ્દામાલ સાથે નવ ઈસમો ઝડપાયા</u>

આજરોજ તા:૦૧/૦૧/૨૦૨૦ ના રોજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ ની સુચના આધારે રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગારની પ્રવુતી નેસ્તનાબુદ કરવા તેમજ દારૂ જુગારના કેશો શોધી કાઢવા સારૂ પો.સ.ઈ બી.બી.સોલંકી તથા પ્રો.પો.સ.ઈ બી.આર.ભાટી તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની /પ્રવુર્તી અટકાવવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના <u>પ્રો.પો.સ.ઈ બી.આર.ભાટી</u> નાઓની બાતમી આધારે રામોલ વસ્ત્રાલ નીરાત ચાર રસ્તા પાસે સુંન્દરવન સોસાયટી મ.નં.૨૨ અંદર પંચો સાથે રેઈડ કરતા આરોપીઓ નં.(૧) ચીરાગભાઈ નરેન્દ્રભાઈ પટેલ ઉવ:૪૨ રહે:૧૮ નંદનવન બંગ્લોઝ જીઈબીની સામે નરોડા દહેગામ રોડ અમદાવાદ શહેર તથા નં.(૨) પરેશભાઈ મનહરભાઈ શાહ ઉવ:૪૭ રહે:૨૯૬ નયનનગર સૈજપુર કુષ્ણનગર અમદાવાદ શહેર તથા નં.(૩) રજનીભાઈ કાળુભાઈ પટેલ ઉવ:૩૯ રહે:૨૭ વરણીરાજ સોસાયટી નીકોલ નરોડા રોડ અમદાવાદ શહેર તથા નં.(૪) પ્રવીણભાઈ ગોકળભાઈ ગામી ઉવ:૬૨ રહે:સી/૫૦૩ પામ રેસીડેન્સી નવા નીકોલ અમદાવાદ શહેર તથા નં.(૫) રાજેન્દ્રસિંગ જગમોહનસિંહ પવાર ઉવ:૪૪ રહે:આઝાદચોક ગીયાની ખડકી નરોડા ગામ અમદાવાદ શહેર તથા નં.(૬) ચંન્દ્રકાન્તભાઈ ખેમચંદભાઈ જીવનાણી ઉવ:૫૬ રહે:એચ/૧ અપનાઘર સોસાયટી નરોડા પાટીયા અમદાવાદ શહેર તથા નં.(૭) સ્નેહલભાઈ દશરથલાલ બ્રહ્મભટ્ટ ઉવ:૫૧ રહે:૨૫ ઉત્તમનગર સોસાયટી ઠક્કરનગર રોડ બાપુનગર અમદાવાદ શહેર તથા નં.(૮) નરેશભાઈ કરશનદાસ પટેલ ઉવ:૪૭ રહે:૨૩ વુન્દાવન વીલા સોસાયટી બાપાસીતામ ચોક વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૯) રમેશભાઈ દીલીપભાઈ પટેલ ઉવ:૪૫ રહે:ઠાળનીપોળ રાયપુર ખાડીયા અમદાવાદ શહેર મુળવતન ગામ:જોગીવાડા તા:જી:ડુંગરપુર રાજસ્થાન નાઓને પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમતા <u>રોકડા રૂપીયા ૧૭૦૫૦/- તથા મોબાઈલ ફોન નંગ:૨ તથા ગંજી પાના નંગ:૫૨ તથા કોઈન નંગ:૧૭૫</u> મળી કુલ્લે રૂપીયા ૧૭૮૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી તેઓના વિરુધ્ધમાં ધી જુગાર ધારા કલમ ૪,૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



# વેશ્યાવૃતિનો અનૈતિક પ્રવુતિનો વેપાર ચલાવતી આરોપી અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :

## વેશ્યાવૃતિનો અનૈતિક પ્રવુતિનો વેપાર ચલાવતી બે મહીલા તેમજ પાંચેક ગ્રાહકોને પકડી પાડતી પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી. એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા તથા સર્વેલન્સ સ્ક્વોડના પો.સ.ઇ. આર.એ.ઝાલા તથા એ.એસ.આઇ. પરથીભાઇ પુરાભાઇ બ.નં.-૩૧૫ તથા એ.એસ.આઇ. ચંદુભાઇ મગનભાઇ બ.નં.-૭૯૮૫ તથા હે.કો. ચંદ્રસિંહ લાખુભા બ.નં.-૫૮૮૯ તથા પો.કો. અતુલકુમાર સુખરામભાઇ બ.નં.-૮૬૦૬ તથા વૃ.પો.કો. માયાબેન રમેશભાઇ બ.નં.-૩૫૧૩ વુમન લોકરક્ષક રમીલાબેન દાનસિંહ બ.નં.-૭૬૮ તથા વુમન લોકરક્ષક કૈલાશબેન નવજીભાઇ બ.નં.-૮૩૯ તથા વુમન લોકરક્ષક અર્પિતાબેન દિનેશભાઇ બ.નં.-૨૬૭૯ લોકરક્ષક કરણભાઈ ગિરધરભાઈ બ.નં.-૧૨૭૮૧ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ કોન્સ્ટેબલ અતુલકુમાર સુખરામભાઇ નાઓની બાતમી હકીકત આધારે ઓઢવ સરણીયાવાસમાં રહેતી મહીલા દલાલો (૧) લક્ષ્મીબેન ઉર્ફે લશી શંકરભાઇ સરણીયા તથા (૨) ધનીબેન વા/ઓ વિનોદભાઇ  સરણીયા નાઓ પોતાના કબ્જા ભોગવટાવાળી રૂમો તથા છાપરાઓમાં પોતાના આર્થીક ફાયદાસારૂ જરૂરીયાતમંદ યુવતિઓને બોલાવી એકબીજાના મેળાપીપણામાં પુરૂષ ગ્રાહકો મારફતે મજબુર યુવતિઓ પાસે વેશ્યાવૃતિનો અનૈતિક પ્રવુતિનો વેપાર કરાવતી હોવાની હકીકત આધારે રેઇડ દરમ્યાન ઉપરોક્ત બન્ને મહીલા આરોપી તથા પાંચ ગ્રાહકો સાથે તા-૦૧/૦૧/૨૦૨૦ ના ક.૨૦/૩૦ વાગે મળી આવેલ હોય તેઓ વિરૂધ્ધ અનૈતીક વ્યાપાર (નિવારણ) અધિનિયમ ૧૯૫૬ ની કલમ-૩,૪,૫,૬,૯, અને ઇપીકો કલમ-૩૭૦(એ)(૨) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. તા-૦૧/૦૧/૨૦૨૦.